૮

સરકારી કુમાર છાત્રાલય, બોટાદ માટે
મકાન ભાડે રાખવાની મંજૂરી આપવા
બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૦૨૦૨૦/૧૦૪૫/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૦૪/૧૨/૨૦૨૦

**વંચાણે લીધાઃ-**

(૧)સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૯/૦૯/૨૦૧૯નો ઠરાવ ક્રમાંકઃસશપ /૧૦૨૦૧૮/૬૨૨૦૧૪/ન.બા-૪/અ.૧
(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૩૧/૦૭/૨૦૨૦નો પત્ર ક્રમાંકઃ નં.વિજાક/સછા/ મ.ભા./૨૦૨૦-૨૧/૭૭૧

**આમુખઃ-**

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના ઠરાવથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉચ્ચ અભ્યાસક્રમમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે ૦૩ કુમાર છાત્રાલયો- નવસારી, મહીસાગર-લુણાવાડા, **બોટાદ** તથા ૦૨ કન્યા છાત્રાલયો- પાટણ અને દેવભૂમિ-દ્વારકામાં શરૂ કરવાની બાબતને વહીવટી મંજૂરી મળેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક(૨) પરના પત્રથી નિયામકશ્રી (વિ.જા.ક.)એ શ્રી હંસાબેન કાન્તીલાલ લાડોલા, ઠે.૧૯, જનતા સોસાયટી નં.૨, પાળીયાદ રોડ, બોટાદનું મકાન સરકારી કુમાર છાત્રાલય, બોટાદ માટે માસિક રૂ।.૩૩,૦૦૦/-(અંકે રૂપિયા તેત્રીસ હજાર પુરા)થી ભાડે રાખવાની દરખાસ્ત કરેલ હતી, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ-**

પુખ્ત વિચારણાના અંતે સરકારી કુમાર છાત્રાલય, બોટાદ માટે માસિક રૂ.૩૦,૦૦૦/- (અંકે રૂપિયા ત્રીસ હજાર પુરા)ના ભાડા મુજબ હંસાબેન કાન્તીલાલ લાડોલા, ઠે.૧૯, જનતા સોસાયટી

નં.૨, પાળીયાદ રોડ, બોટાદનું મકાન ભાડે રાખવાની નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) આ મકાનનું ભાડુ મંજુર થયા બાદ, જે તારીખે મકાનનો કબજો મેળવવામાં આવે તે તારીખથી ચૂકવવાનું રહેશે.

(૨) આ મકાન ભાડે રાખ્યા બાદ મકાન ભાડે રાખ્યા અંગેનો કરાર કરવાનો રહેશે.

(૩) આ મકાનમાં છાત્રાલયને અનુરૂપ જરૂરી સુધારાવધારા મકાન માલિકે પોતાના ખર્ચે કરી આપવાના રહેશે.

(૪) મકાનમાં છાત્રો માટે જરૂરી સંખ્યામાં સંડાસ, બાથરૂમની સગવડ મકાન માલિકે પોતાના ખર્ચે કરી આપવાના રહેશે તથા યોગ્ય સેનીટેશન મકાનમાલિકે જાળવવાનું રહેશે.

(૫) મકાન માલિકે વીજળી, પાણી, ટ્યુબલાઇટ, પંખાની પુરતી સગવડ પુરી પાડવાની રહેશે.

(૬) મકાન ભાડે રાખવાની અન્ય સરકારી હુકમો/શરતોનું પાલન કરવાનું રહેશે.

(૭) આ અંગેનો ખર્ચ ચાલુ વર્ષે મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.

(૮) ફાયર સેફટી અંગેની વખતોવખતની સરકારી ગાઈડલાઈન્સનું પાલન કરવાનું રહેશે.

(૯) કાર્યપાલક ઇજનેરશ્રીનું મકાન ભાડા અંગેનું પ્રમાણપત્ર દર વર્ષે નવેસરથી મેળવીને રજૂ કરવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ની તા.૦૧/૧૨/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**(કે.એ. ચૌહાણ)**

સેકશન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**પ્રતિ,**

**નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર**

**નકલ રવાના:-**

(૧) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ

(૨) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર

(૩) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, બોટાદ

(૪) નાયબ નિયામકશ્રી(વિ.જા.ક.)/સમાજ કલ્યાણ અધિકારીશ્રી, બોટાદ [નિયામકશ્રી(વિ.જા.ક.) મારફત]

(૫) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર

(૬) સેકશન અધિકારીશ્રી(કોમ્પ્યુટર-સેલ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરતરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

(૭) સિલેકટ ફાઇલ